ગાંધીનગર સમાચાર

તા. ૨૩-૮-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

# પર્વાધિરાજ પર્યુષણ

સનાતન ધર્મને સમાંતર, એટલો જ પ્રાચીન અને અહિંસા, ક્ષમા તથા અનેકાન્તવાદ જેવી બાબતોની સૂક્ષ્મયતાની દૃષ્ટિએ હિંદુ ધર્મ કરતાં મૂઠી ઊંચેરા એવો જૈન ધર્મ મૂળે તો વૈદિક પરંપરામાં પ્રવેશેલી જીવહિંસાની પ્રતિક્રિયા છે. એ જીવ માત્રને જીવવાનો અધિકાર હોવાની સંકલ્પના આવે છે અને ખૂનીને પણ માફ કરવાની ઉદારતા અને વીરતા દાખવે છે. જૈન ધર્મ માને છે કે માણસ આ ભવમાં જ ભગવાન બની શકે - પરમાત્માપદ પામી શકે. અલબત્ત, એ માટે એની પાસે પૂર્વપુણ્યોનો સંચય હોવો જરૂરી છે અને એટલો જ જરૂરી છે આ ભવનો પ્રબળ પુરુષાર્થ, સાધના-આરાધના. પર્યુષણ એ જૈન ધર્માવલંબીઓનું સૌથી મોટું પર્વ છે. જૈન પરંપરામાં જ્ઞાનપંચમી, મૌન એકાદશી અને તીર્થંકરોનાં કલ્યાણક પર્વો પણ છે, પરંતુ પર્યુષણ એ પર્વાધિરાજ છે. મંત્રોમાં નવકાર મંત્રને મંત્રાધિકારનું અને તીર્થોમાં શત્રુંજય તીર્થાધિરાજનું બિરૂદ પ્રાપ્ત થયેલું છે. શ્રાવણ વદ બારસથી ભાદરવા સુદ ચોથ સુધી આઠ દિવસના પર્યુષણ દરમિયાન આ મહાપર્વની આત્મલક્ષી, તપસ્યામૂલક - આધ્યાત્મિક ઉજવણી કરવામાં આવે છે. તપ, ત્યાગ, વૈરાગ્ય, સ્વાધ્યા, જ્ઞાનોપાસના, અહિંસા ધર્મનું પાલન, યથાશક્તિ દાન વગેરે થકી આ પર્વ ઉજવાય છે. 'પર્યુષણ'નો અર્થ છે આત્માની નજીક વસવું. બહિર્મુખ અવસ્થામાંથી અંતર્મુખ અવસ્થા તરફ પ્રયાણ તે આ પર્યુષણપર્વની આરાધના. ભીતરની દુનિયામાં ડોકિયું કરી માણસ પોતાની જાતને માંજે, વીંછળે અને વધુ ઊજલો બની બહાર આવે. એ દૃષ્ટિએ આ શક્તિ અને ઉર્જા પ્રાપ્તિનું પર્વ છે. આમ તો આખો ચાર્તુર્માસ (ચોમાસું) ધર્મ-ઉપાસનાની ઋતુ છે, પરંતુ પર્યુષણના દિવસોમાં તો ઉપાશ્રયો અને જિનાલયોમાં તપસ્વીઓનો મેળો જામે છે. જિનવાણીનાં અસ્ખલિત ઝરણાં વહ્યા કરે છે. ગુરૂ ભગવંતોના શ્રીમુખ પવિત્ર ગ્રંથ કલ્પસૂત્રનું વાચન થાય છે. ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની રોમાંચક જીવન કથાનું વાચન - જન્મ કલ્યાણક અને માતા ત્રિશલાદેવીનાં ચૌદ સ્વપ્નોની અદ્ભૂત ગાથા હર્ષ અને સાત્ત્વિક ઉન્માદ પ્રગટાવે છે. જૈનો કરોડોની ઉછામણી બોલે છે. આવા ઉત્સાહ અને ઉમંગ વચ્ચે નાની ઉંમરનાં બાળકો પણ આઠ આઠ દિવસ લગી નકોરડા ઉપવાસ કરે છે. ધર્મ પ્રભાવનાની પરાકાષ્ઠા રૂપે સંવત્સરીનો ઉત્સવ ઉજવાય છે, જયારે હર કોઈ એકમેકને ભેટી 'મિચ્છામી દુક્કડં' પાઠવે છે. વર્ષ દરમિયાન જાણ્યે-અજાણ્યે થયેલ પાપોના પ્રાયશ્ચિત લેખે 'પ્રતિક્રમણ' કરવામાં આવે છે. સંવત્સરીના બીજા દિવસે તપસ્વીઓનાં પારણા કરાવાય છે અને એ રીતે પર્વાધિરાજને વિદાય દેવામાં આવે છે. લોકો પાછા કામધંધે વળી જાય છે. એથી ધર્મ-આરાધનામાં દેખીતી રીતે જ ઓટ આવતી વરતાય છે. આ વિશેની રમૂજ બહુ પ્રચલિત છે : 'કર્યાં પાંચમનાં પારણાં, મૂક્યાં અપાસરાનાં બારણાં!' પર્યુષણ પછી ધર્મ પ્રભાવના અને આરાધનાના ઉલ્લાસની અભિવ્યક્તિ સ્વરૂપે રથયાત્રાઓ નીકળે છે, સાધર્મિક વાત્સલ્યોનું આયોજન થાય છે. ચોમેર મંગળ ગીતો અને આનંદ ઓચ્છવનું વાતાવરણ જામે છે. હિંદુ તથા અન્ય ધર્મોની વિભૂતિઓની જેમ જૈનાચાર્યો સમુદ્ર ઓળંગી શકતા નથી. અપવાદરૂપ કિસ્સા તરીકે તીથલની બંધુ ત્રિપુટીએ પ્રયાસ કરી જોયો પરંતુ એને ધર્માચાર્યોનું સમર્થન મળતું નથી. આવી સ્થિતિમાં વિદેશીવાસી જેનૌ માટે ધર્મપ્રભાવનાનું કામ અઘરું બની રહે તે સ્વાભાવિક છે. પંન્યાસપ્રવર ચંદ્રશેખરવિજયજીએ આ કામ કરવા માટે નવયુવકોની મંડળી તૈયાર કરી છે. તપોવનમાં તાલીમ પામેલા આવા યુવાનો જૈન પંડિતજીઓ સાથે પરદેશમાં જઈને પર્યુષણની આરાધના કરાવે છે. સૂક્ષ્મતાની દૃષ્ટિએ વિશ્વના શ્રેષ્ઠ ધર્મ તરીકે પ્રતિષ્ઠા પામી શકે એવા આ પ્રાચીન ધર્મનું પ્રતીકાત્મક પર્વ આજના વિષય કામમાં માનવજાતિ માટે દીવાદાંડીની ગરજ સારી શકે. પર્વાધિરાજ પર્યુષણનું અંતઃકરણપૂર્વક સ્વાગત છે!



**અંડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં વિજેતા**

જિલ્લાકક્ષાની અંડર-૧૭ કબડ્ડી સ્પર્ધા મહાત્મા ગાંધી વિદ્યાલય સેક્ટર-૧૬ ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ વિદ્યાર્થીનીઓની ટીમે પ્રથમ નંબર મેળવ્યો છે. શાળાના આચાર્યા અને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# મહાદેવપુરા ખાતે વિજ્ઞાન ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાયું

## કુલ છ શાળાઓના ૫૦ વિદ્યાર્થીઓએ મળીને ૧૭ કૃતિઓ રજૂ કરી

ચિલોડા, તા. ૨૨ ગાંધીનગર તાલુકાના મહાદેવપુરા ભવન દ્વારા આયોજિત આ સીઆરસી કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ કૃતિઓ રજુ કરી હતી. આ પ્રદર્શનમાં સી. આર. સી. કો-ઓર્ડિનેટર નિપુણ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

પ્રાથમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના ઉપક્રમે સી.આર.સી. કક્ષાનું વિજ્ઞાન ગણિત મેળામાં છ શાળાઓના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કુલ ૧૭ કૃતિઓ પ્રદર્શન માટે રજૂ કરી હતી. જિલ્લા શિક્ષણ તાલીમ પ્રદર્શનમાં છાલા પગાર કેન્દ્ર, છાલા કન્યા શાળા, મહાદેવપુરા, કાનપુર, ચંદ્રાલાની શાળાઓ ઉપરાંત ઉમા સંસ્કાર તિર્થના કુલ ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. આ બાળ વિજ્ઞાનીઓએ મળીને ૧૭ જેટલી વિવિધ વિષયને લગતી વિશિષ્ટ રામી તેમજ મહાદેવપુરા પ્રાથમિક શાળાના આચાર્ય શિવાભાઈ સહિત શિક્ષકગણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે લોકફાળો ઉઘરાવવામાં આવ્યો હતો જે પેટે રૂપિયા પાંચ હજારની રોકડ બક્ષીસ પ્રાપ્ત થઈ હતી.

## સરદાર પટેલ તથા જયદિપસિંહજી એવોર્ડ વિતરણ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

વર્ષ ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ ના સરદાર પટેલ એવોર્ડ (સિનિયર, જુનિયર) અને જયદિપસિંહજી એવોર્ડ (સિનિયર, જુનિયર) પ્રદાન સમારંભ તા. ૨૬-૮-૧૪ના રોજ સવારે ૮.૦૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સચિવશ્રી રમતગમત શ્રી ભાગ્યેશ જહા અને કમિશનરશ્રી કે.ડી. કાપડીયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

## બી.બી. એ. કૉલેજ દ્વારા તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઈન્ટેન્શીપ કાર્યક્રમ યોજ્યો

ગાંધીનગર, તા. ૨૨

બી.બી.એ. કૉલેજનાં લગભગ ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ આજે સેલ્સ ઈન્ડિયા કંપનીમાં ઈન્ટેન્શીપ માટે ઈન્ટરવ્યુ આપ્યું હતું. જેમાંથી લગભગ ૪૦ જેટલા વિદ્યાર્થીઓ પસંદ થયા હતા. ૭૫૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ તથા ઈન્સેંટીવ અલગથી ઑફર કરવામાં આવ્યું હતું. આ સમાચારથી સમગ્ર વિદ્યાર્થી આલમમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. આજનાં ગળાકાપ હરીફાઈના સમયમાં માસ્ટર્સનાં વિદ્યાર્થીઓ પણ સંઘર્ષ કરી રહ્યા છે. ત્યારે કૉલેજ માટે આ ગૌરવની બાબત છે. ડી.એન.એ. ગ્રુપ, સેલ્સ ઈન્ડિયા સહિત અનેક કંપની દ્વારા પ્લેસમેંટ માટે કૉલેજનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્લેસમેન્ટ કમિટીનાં ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ તથા પ્રો. આશિષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજનાં આચાર્યશ્રી ડૉ. રમાકાન્ત પુષ્ટી દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




વત્સ, આ દુનિયામાં બે જ પ્રકારનાં માણસો છે, એક પોતે કંટાળે છે અને બીજા પ્રકાર એ છે કે તે બીજા લોકોને કંટાળો આપે છે...!!

# સે. ૩-ડી ત્રિદિવસીય શિબિરમાં આજે ડૉ. છેલ બિહારી શર્માનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૨

કેપીટલ ક્રિએટીવ ક્લબ, શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ, પેન્શનર સમાજ, પાટનગર ફ્રેન્ડ ક્લબ એ-વન ગૃપ, સિનીયર સીટીજન કાઉન્સીલ ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ-૨૦૧૪ના રોજથી શ્રી સાઈબાબા મંદિર સેક્ટર-૩-ડી ખાતે કંચન સેવા સંસ્થાન ઉદેપુર (રાજસ્થાન) દ્વારા પ્રાકૃતિક ચિકિત્સા શિબિરનું આયોજન સવારે ૯.૦૦થી સાંજે ૬.૦૦ કલાક સુધી કરવામાં આવેલ છે. પ્રથમ દિવસ તા. ૨૧-૮-૨૦૧૪ ના રોજ આ શિબિરમાં અંદાજે ૨૩૦ દર્દીઓને કમરના દર્દ અને ઘુંટણના દર્દની મફત સારવાર આપવામાં આવી. આ શિબિરમાં કંચન સેવા સંસ્થાનના અધ્યક્ષ ડૉ. છેલ બિહારી શર્મા દ્વારા દર્દીઓની પ્રાકૃતિક ચિકિત્સા કરવામાં આવે છે. તેમજ કંચન સેવા સંસ્થાના સચિવ સંતોષ પારીખ દ્વારા પણ જરૂરી સેવાઓ અને રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. આ ઉપરાંત આ શિબિરમાં કેપીટલ ક્રિએટીવ ક્લબના પ્રમુખ મુકેશ પટેલ, સિનીયર આગેવાન કે. આર. પટેલ, સાઈ સેવા ટ્રસ્ટના નરેન્દ્રભાઈ શાહ, નરસિંહભાઈ પરમાર તેમજ અન્ય ટ્રસ્ટીઓ દ્વારા સાથ સહકાર આપવામાં આવે છે. આ શિબરમાં ગાંધીનગર શહેરના સેક્ટરોમાંથી પ્રજાજનો દ્વારા ખુબ જ સારો પ્રતિસાદ મળી રહે છે. અને પ્રાકૃતિક ચિકિત્સાનો લાભ લેવામાં આવે છે. આ શિબિર તા. ૨૩-૮-૨૦૧૪ સુધી ચાલુ રહેશે તો ગાંધીનગર શહેરીજનોએ જરૂરી લાભ લેવા મુકેશ પટેલ દ્વારા અપીલ કરવામાં આવેલ છે. આમ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વિજય સોલંકી જણાવ્યું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં બેંગ્લોર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામ બદલી કયું નામ રાખવામાં આવ્યું છે?
→ **કેમ્પે ગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટ**

૨. વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશો આપનાર ભગવાન બુદ્ધના કયા મંદિરે વર્ષ ૨૦૧૩માં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા?
→ **બોધિગયા**

૩. ૨૦૧૩માં કાશ્મીરની પ્રથમ મહિલા મુસ્લિમ એસ.પી. બનવાનું બહુમાન કોને પ્રાપ્ત થયું છે?
→ **શાહઝાદા પરવીન**

૪. ૨૦૧૩માં ટેલિકોમ કમિશને ટેલિકોમ ક્ષેત્રમાં **FDI** ની મર્યાદા ૭૪% થી વધારીને કેટલી કરી છે?
→ **૧૦૦ %**

૫. ૨૦૧૩માં જીવન વીમા પોલિસીના પ્રિમિયમ પર કયો ટેક્સ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે?
→ **સર્વિસ ટેક્સ**

૬. ૨૦૧૩માં કયા મલ્ટી બેરલ રોકેટ પ્રક્ષેપણ પ્રણાલિનું સફળ પરિક્ષણ પોખરણ ફાયરીંગ રેન્જમાંથી કરાયું હતું?
→ **પિનાક માર્ક-૨**

૭. ૨૦૧૩માં ભારત સરકારે કઈ યોજનામાં કામદારોને મફત મોબાઈલ ફોન આપવાનું નક્કી કર્યું છે?
→ **મનરેગા**

૮. ભારતે કયા દેશ સાથે વર્ષ ૨૦૧૩માં બેવડી કર પ્રણાલિ ટાળવા સમજૂતી કરી હતી?
→ **ભારત - અલ્બેનિયા**

૯. બોફોર્સકાંડના કયા મુખ્ય સૂત્રધારનું તાજેતરમાં ઈટાલીમાં નિધન થયું હતું?
→ **ઓટોવિયો ક્વાત્રોચી**

૧૦. ૨૦૧૩ ન્યૂયોર્કમાં પ્રથમવાર ભારતીયો માટે કઈ ભાષામાં મતપત્રક બહાર પાડવામાં આવ્યું હતું?
→ **બંગાળી**

૧૧. ૨૦૧૩માં સુપ્રિમ કોર્ટ દ્વારા મેડિકલમાં પ્રવેશ માટે કઈ પરીક્ષા રદ્દ કરવામાં આવી છે?
→ **નીટ**

૧૨. ૨૦૧૩માં વિમ્બલડન મેન્સ સિંગલમાં કોણ વિજેતા બન્યું હતું?
→ **બ્રિટનનો એન્ડી મરે**

૧૩. ૨૦૧૩માં રાષ્ટ્રપતિ દ્વારા કયો વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો?
→ **અન્ન સુરક્ષા બિલ**

૧૪. ૧૨મી પંચવર્ષીય યોજનામાં ધોરણ-૧ થી ૪ની તમામ શાળાઓને કઈ પદ્ધતિમાં આવરી લેવામાં આવી છે?
→ **પ્રજ્ઞા પદ્ધતિ**

૧૫. **S.S.C./H.S.C.**માં રાજયના દરેક તાલુકામાં પ્રથમ ક્રમે આવનાર દરેક કન્યાને રાજય સરકાર દ્વારા કેટલા રૂપિયા પુરસ્કાર પેટે આપવામાં આવે છે?
→ **૫૦૦૦**

૧૬. પ્રાથમિક શિક્ષણને કયા બે ભાગમાં વહેચવામાં આવ્યું છે?
→ **પ્રાથમિક શિક્ષણ ૧ થી ૫, ઉચ્ચ પ્રાથમિક ધો.૬ થી ૮**

૧૭. આયોજનપંચ દ્વારા ગુજરાતની ૨૦૧૩-૧૪ની વાર્ષિક યોજનાનું કદ કેટલા કરોડ મંજૂર કરાયું હતું?
→ **૫૯ હજાર કરોડ**

૧૮. આપમેળે સંધાઈ જાય તેવું નવું પોલિમર કયું શોધાયું છે?
→ **ટર્મિનેટર**

૧૯. ૨૦૧૩માં પૂણેના નારાયણ ગામ પાસેના ખોડાદમાં વિશ્વનો સૌથી મોટો 'જાયન્ટ મેટ્રોવેવ રેડિયો ટેલિસ્કોપ' કોના હસ્તે ખુલ્લો મુકાયો હતો?
→ **ગોવિંદ સ્વરૂપ**

૨૦. ૨૦૧૩માં રિઝર્વ બેંકે ગોલ્ડ જવેલરી ઉપરની આયાત-જકાત ૧૦ટકાથી વધારીને કેટલા ટકા કરી છે?
→ **૧૫ %**

# દેવ-દેવીઓની મૂર્તિ વિસર્જન કે પદયાત્રા ટાણે થતી ગંદકી નિવારવા પગલાં ભરીએ

ગ્લોબલ વોર્મિંગ અને ક્લામેન્ટ ચેન્જના વૈશ્વિક પ્રભાવને ખાળવા માટે સ્થાનિક કક્ષાએ લોક જીવનશૈલીમાંથી ઉદભવતા પ્રદૂષણનું નિયંત્રણ કરવાનો પ્રયાસ પણ અમૂલ્ય ગણાય છે. આપણી આસપાસની આવી જ કેટલીક ઘટનાઓ પરત્વે સહચિંતન અને ઉચિત પગલાં થકી પર્યાવરણ સંરક્ષણમાં યથાઘટિત યોગદાન આપીએ.

પ્રકૃતિમાં સમય સાથે નિરંતર પરિવર્તન સ્થાન લેતું રહ્યું છે. માનવ જીવનમાં પરંપરાગત ઉત્સવો લોક સમૂદયોમાં પરિવર્તન લાવે છે. સામાજિક વ્યવસ્થામાં પણ વણલખેલ રીતરિવાજોમાં આધુનિકતા ભળતી જોવા મળે છે. જેમ કે, ગણેશ મહોત્સવ અગાઉના દાયકાઓમાં ભાગ્યે જ એકાધિ લોકવર્ગમાં જોવા મળતો હતો, જે હવે ઘણા સમૂદાયોમાં પણ વ્યાપકપણે આવકાર સાથે સામાજિક સંસ્કૃતિનું પ્રતિબિંબિત બની રહ્યું છે. નજીકના ભૂતકાળમાં ભાગ્યે જ સાંભળેલ દશામાની મૂર્તિ પૂજન બાદનું વિસર્જન હવે કુદરતિ જળસ્ત્રોતોની જાળવણીમાં એક વધુ પડકારરૂપ બની રહ્યું છે. અગાઉ જીવનકાળના ઉત્તરાર્ધે પહોંચેલા સમર્પિત સીમિત લોકો દ્વારા તીર્થસ્થાનોની યાત્રા થતી હતી. અને જૂજ લોકો દ્વારા કેટલાંક શ્રધ્ધાતીર્થોની પદયાત્રાઓ ધાર્મિક અહોભાવથી યોજાતી હતી. વર્તમાન સમયમાં યાત્રાઓ અને પદયાત્રાઓમાં પ્રવાસનનો પણ નવો પ્રવાહ ભળતો જોવા મળી રહ્યો છે. હવે આ સમૂદાયોની સંખ્યા જૂજમાંથી વધીને લાખોમાં તબદીલ થઈ રહી છે.

વર્ષો અગાઉથી શીતળાસાતમના દિને માટીમાંથી તૈયાર કરાતી પ્રતિક મૂર્તિ અને તેનું પૂજન-અર્ચન હજી ઘણાની સ્મૃતિમાં રમે છે. પરંતુ, સામાજિક વિકાસ સાથોસાથ સરળ ઉપલબ્ધ, સસ્તું અને માટીથી મજબૂત બનતું પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ) જેવા ઈનઓર્ગેનિક (અજૈવિક) પદાર્થથી આવી મૂર્તિઓ હવે તૈયાર થાય છે. આ કિસ્સામાં ગંભીર બાબત એ છે કે, આવી મૂર્તિઓને રંગરોગાનથી સુશોભિત કરવામાં આવે છે, આ રંગો જોખમી અને ઝેરી ગુણોવાળા રસાયણો હોય છે. આવી મૂર્તિઓનું જળાશયોમાં વિસર્જન કરવાથી પાણી ન કેવળ દૂષિત બને છે, પરંતુ, ઝેરી તત્વો પાણીમાં ભળીને જળચર સૃષ્ટી માટે જીવલેણ બને છે. આવું પાણી ભૂગર્ભ તેમજ બાહ્ય જળસ્રોતોને પ્રદૂષિત બનાવે છે. આવા પાણી પર નિર્ભર સમગ્ર જીવસૃષ્ટીનું આરોગ્ય તેમજ અસ્થિત્વ ખતરારૂપ બની રહે છે.

પાણી પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ માટે કાયદાઓ છેલ્લા ઘણા દાયકાઓથી અસ્થિત્વમાં છે. પરંતુ, જનસમૂદાયોના હજારો હાથો મારફતે ફેલાતા આ અનિષ્ટને નાથવા માટે તેમજ ધાર્મિક અને સામાજિક રૂઢિઓના ઓળા હેઠળ જાણેઅજાણે આચરવામાં આવતી પ્રવૃત્તિઓને રોકવા માટે દરેક આસ્થા સ્થાનોના રખેવાળો, સંતો, સત્સંગીઓ, ધર્માચાર્યો, ગુરૂઓ, કથા-કિર્તન કે વાર્તાકારો, નાનામોટા તમામ પંથોના પ્રચારકો, સ્વામીઓ, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો, જોગીઓ કે વ્યવસ્થાપકો પણ પ્રદૂષણની પ્રવૃત્તિઓને નાથવાનું ઉમદા કર્તવ્ય અદા કરી શકે તેમ છે.


યાત્રાઓ અને પદયાત્રાઓની સુપેરે સેવા કરવાના ઉમદા આશયથી સ્વૈચ્છિક સેવાઓ પ્રદાન કરતી સેવાભાવી સંસ્થાઓની સંખ્યા અને તેનો વ્યાપ પણ વધી રહ્યો છે. આ સમયગાળા દરમિયાન જળ-પાન, નાસ્તો, ભોજન કે આરોગ્યલક્ષી સેવાકેન્દ્રો કેટલાંક દિવસો માટે કાર્યરત થાય છે. ઉ.ત. ભાદરવી પૂનમ પૂર્વે બાળ, યુવા અને વૃદ્ધો દ્વારા ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસના વાતાવરણ વચ્ચે પ્રાંતીય અને પરપ્રાંતીય સેવા કેન્દ્રો ધમધમે છે. પગપાળા સંઘો તેઓના પદયાત્રીઓના ભોજન-પાણીની અલાયદી જરૂરિયાતો માટે વાહનોના કાફલા રાખે છે. ધાર્મિક ભજનો કે ગીતોના શબ્દો અને સૂરાવલિ પદયાત્રાના સમગ્ર પંથકમાં સંભળાય છે. પરોઢિયા પૂર્વે પ્રસ્થાન કરતા, બપોરા ટાણે આરામ કરતા અને પુનઃ ઢળતી સાંજે રાતવાસાના મૂકરર સ્થળે પહોંચતા આ પદયાત્રીઓની શ્રદ્ધા અતુલનીય છે, પરંતુ, આ સમયગાળા દરમિયાન ઉદભવતા કચરાની સમસ્યા પણ ગંભીર બની રહી છે.

ચ્હા-પાણી અને નાસ્તા માટે વપરાયેલા પ્લાસ્ટિકના પ્યાલાઓ અને પેપર-ડિશોથી થતી ગંદકી નિવારવા માટે સેવાકેન્દ્રોની સુવ્યવસ્થામાં હવે, સૂચનાઓના બેનર્સ ટિંગાડવામાં આવે છે. કચરા-પેટીઓ પણ મૂકેલી જોવા મળે છે. અલબત્ત, લાખોની સંખ્યામાં જોડાતા આ શ્રદ્ધાળુઓ માટે ભી કરવામાં આવતી આ સુવિધાઓ ટાંચી પડે છે. ઠેરઠેર સેવાકેન્દ્રોમાંથી મળતા પ્રસાદને એકલ-દોકલ જતા લાખો પદયાત્રીઓ પોતાની સાથે લઈ જાય છે, અને સઘળું ખાવાની ક્ષમતા ન હોવા છતાં પોતાની પાસે રાખે છે. ભેગો કરેલો પ્રસાદનો જથ્થો વધી જતાં કે અરૂચિ થતાં, તેને મોટાભાગે રસ્તામાં જ ફેંકી દે છે.

કેટલાંક, હરતા-ફરતા સેવાકેન્દ્રોના સેવાભાવીઓ ગમે તે સ્થળે, નાના મોટા વાહનો સાથે ભા રહીને પદયાત્રીઓને પાણી-પાઉચ, ચોકલેટ-બિસ્કિટ, કેળા, સફરજન, વગેરે પ્રસાદરૂપે આપવાનો સંતોષ મેળવે છે. પદયાત્રીઓ ચાલતા ચાલતા રસ્તામાં ખાવાપીવાની ચીજ-વસ્તુઓના પ્લાસ્ટિકના રેપર્સ, છાલ, વગેરેને ગમે

**પ્રસંગસર**

નરેશ ઠાકર



ત્યાં સહજતાથી ફેંકે છે. આવી ગંદકી તરફ ક્યારેક ધ્યાન દોરવા છતાં આવા હરતા-ફરતા સેવાભાવી લોકો તેમજ પદયાત્રીઓ તેઓના આ વર્તનને સ્વાભાવિક ગણે છે !! સંબંધિત તંત્ર મારફતે આવા હરતા-ફરતા સેવાકેન્દ્રોના લોકોનું પણ ધ્યાન દોરવાનો પ્રયાસ કરવો જોઈએ. ભાદરવી પૂનમના હજારો પદયાત્રીઓના ઘસાયેલા, ફાટી ગયેલા કે ખોવાયેલા પગરખાંનો કચરો અંબાજી ખાતે સ્થાનિકસંસ્થા માટે પડકારરૂપ છે.

પદયાત્રા દરમિયાન નિપજતા જુદાજુદા પ્રકારના કચરાની સમસ્યા માટે કેવા પગલાં લઈ શકાય? તે સમસ્યાનો સંબંધિત સત્તાવાળાઓ દરવર્ષે સામનો કરે છે. જીપીસીબીની જે તે પ્રાદેશિક કચેરી સંબંધિત જિલ્લા સમાહર્તાના નિયંત્રણ હેઠળની કચેરીઓ મારફતે આંશિક ભૂમિકા અદા કરીને નગરનો કચરો, પ્લાસ્ટિકનો કચરો તેમજ બાયો-મેડિકલ કચરના નિયમો હેઠળ સુચારૂ વ્યવસ્થા ભી કરી શકે છે.

જિલ્લાતંત્ર દ્વારા પદયાત્રીઓના પંથકોમાં ભા કરવામાં આવતા સેવાકેન્દ્રોની ઓળખ કરીને તેઓને આપવામાં આવતી પરવાનગીમાં સ્વચ્છતાની વ્યવસ્થા માટે વિશેષ સૂચનાઓ આપી શકાય છે. સેવાકેન્દ્રો ખાતે ભા કરવામાં આવતા રસોડાના એંઠવાડનો નિકાલ, પીવાના પાણી વિતરણ સ્થળો ખાતે થતી ગંદકી નિવારવાના પગલાં, જરૂરી સંખ્યામાં કચરા-પેટીઓ અને તેની નિકાલ વ્યવસ્થા ભી કરવા માટે સૂચના આપવી જોઈએ. આવા જૈવિક કચરાના નિકાલ માટે દરેક સેવાકેન્દ્ર ખાતે યોગ્ય ખાડા ખોદીને તૈયાર રાખવા જોઈએ. જેમાં રોજબરોજનો કચરો નાંખીને તેના પર આશરે બે ઈંચના માટી થરનું આવરણ કરીને માખી-જીવજંતુઓનો ઉપદ્રવ ડામી દેવાની સાદી વ્યવસ્થા ઊભી થઈ શકે છે.

પ્લાસ્ટિકના કચરાને સળગાવાતો જોવા મળે છે. આ જોખમી અને ગેરકાનૂની પ્રવૃત્તિ છે. પ્લાસ્ટિકના કચરાના નિકાલની સમસ્યા ગંભીર છે. નગરના કચરામાં સામેલ પ્લાસ્ટિકના કચરાનો પદ્ધતિસરનો નિકાલ કરવાની ચોક્કસ અને અસરકારક વ્યવસ્થા કે તેની જાણકારીનો અભાવ પ્રવર્તે છે. આ દિશામાં અધિકૃત રિસાયક્લરો સાથે અલાયદી વિશેષ વ્યવસ્થા ભી કરવી જોઈએ.

સેવાકેન્દ્રો ખાતે પર્યાવરણ જાળવણી માટે સક્રિય સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક શાળાઓના કે કોલેજોના વિદ્યાર્થીઓ, વગેરેનો સહયોગ કેળવીને પત્રિકા, બેનર્સ મારફતે જન-જાગૃતિ કાર્યક્રમોની પ્રવૃતિઓને વેગ આપી શકાય છે. સેવાકેન્દ્રો ખાતે પીવાના પાણીની સગવડો જેવી કે, પાણીના નળા, પીપડા, ટેન્કર, કે અન્ય સાધનોની આસપાસ પાણી ઢોળવાથી થતી ગંદકી અટકાવવા તેમજ ઢોળાતા પાણીને વહેવડાવવા નાની નીક ખોદીને તૈયાર કરવાનું જણાવી શકાય છે. આવા સ્થળોએ શણના કોથળા, રબ્બર કે પ્લાસ્ટિકના પગ-લૂછણિયા વિકલ્પે ઘાસ-પરાળ કે કડબના પૂળા મૂકીને આ સમસ્યા હળવી કરવા જણાવી શકાય. વપરાયેલા પ્લાસ્ટિકના પાણી-પાઉચ ગમે ત્યાં ફેંકવાને બદલે ભેગા કરવા માટે સેવાકેન્દ્રોની નજીક પચાસ-સો મીટરના અંતરે બે-ચાર ઠેકાણે પીપડું કે અન્ય હાથવગું સાધન ગોઠવવા જણાવી શકાય. પ્લાસ્ટિકના કચરાનો પદ્ધતિસર નિકાલ કરવા માટે ઉમદા વ્યવસ્થા ભી કરવાનો પ્રયાસ કરી શકાય. પ્લાસ્ટિકને બદલે પેપર પ્યાલા-પ્યાલી, પેપર-ડીશનો જ વ્યાપક ઉપયોગ કરવા જણાવી શકાય. પર્યાવરણને અનુકૂળ પરંપરાગત પડિયા-પતરાળાનો ઉપયોગ કરીને ગ્રીન ઈકોનોમી તરફ આગળ વધી શકાય. પદયાત્રીઓના પંથકોની સમાંતરે રસ્તાઓની આસપાસ દસ-દસ દિવસો દરમિયાન લોકો દ્વારા થતો મળ-ત્યાગ આ વિસ્તારમાં વૃક્ષો અને વનસ્પતિના સંવર્ધનમાં વૃદ્ધિ પ્રેરક બની શકે છે. ત્યારે બીજી તરફ, કેટલાંક જળસ્ત્રોતો અને તળાવોમાં ઠલવાતા વરસાદી પાણીમાં મળ ભળવાથી ઈ-કોલી જેવા સૂક્ષ્મ જંતુઓના પ્રદૂષકોનો વ્યાપ વધવાની સંભાવના પણ રહેલી છે. આવા ગામ તળાવ કે જળસ્ત્રોતોના પાણીની ગુણવત્તાનું પ્રસંગ અગાઉ અને ત્યારબાદ મોનીટરીંગ કરવું હિતાવહ છે. ઘોંઘાટ અને ટ્રાફિકની સમસ્યા અંગે પગલાં લઈ શકાય છે. ટ્રક, ટ્રેક્ટર, ટેન્કર, એસટી-બસ, ડમ્પર, વગેરે ભારે સહિત પેસેન્જર્સ-જીપો જેવા વાહનો બેફામ દોડતા, તીવ્ર હોર્ન વગાડતા અને ક્યારેક અકસ્માત સર્જતા જોવા મળે છે. આર.ટી.ઓ. કચેરી મારફતે બસ-ડિપોના મેનેજરને વિશેષ સૂચના આપી શકાય. બેરોક-ટોક દોડતા વાહનોને રોકવા, વાહનોમાંથી ફૂંકાતા ધુમાડાને અંકૂશમાં રાખવા, સૂચના બોર્ડ મૂકવા માટે શહેર-ગ્રામ્ય પોલીસ સ્ટેશન મારફતે પગલાં લઈ શકાય છે.

સેવાકેન્દ્રો ખાતે લાઉડ-સ્પિકરનો અતિરેક ન થાય, તેમ જણાવી શકાય. કેટલાંક લારી-ગલ્લા કે દૂકાનો દ્વારા પ્રસંગોચિત ગીતો-ગરબા સિવાય જોર-શોરથી ઘોંઘાટીયા ગીતો વગાડવાથી પદયાત્રીઓની દૂભાતી લાગણીઓ અટકાવવા જરૂરી સૂચનાઓ આપી શકાય. પદયાત્રીઓ સાથે સામેલ રથ પર ગોઠવવામાં આવેલ સ્પિકરોનું ખાસ કરીને રાત્રીના સમયે વોલ્યૂમ ઓછું રાખવા જણાવી શકાય. પ્રસંગોચિત સામાજિક જીવનશૈલી દરમિયાન નિપજતા કચરા સહિતની સમસ્યાનો યોગ્ય નિકાલ કરવાનો સંદેશ ફેલાવવા સાથે ઉચિત પગલાં ભરીને ગુજરાતને વધુ ગૌરવવંતુ બનાવીએ.